ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

બુધવાર ૭ નવેમ્બર, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

રતનમહાલ પ્રવાસી પંથની હાલત ચાર મહિનામાં જ બિસ્માર! કોન્ટ્રાક્ટરની કામગીરી શંકાના દાયરામાં

ફાંગિયા કંજેટા રોડમાં હલકી ગુણવત્તાની કામગીરીની આશંકા, નવો ડામર રોડ બન્યાના માત્ર ચાર મહિનામાં જ ખાડા પૂરવાની નોબત આવી

રોડની કામગીરી સામે ભ્રષ્ટાચારના ગંભીર સવાલો ફાંગિયા થી કંજેટા.

(પ્રતિનિધી) દાહોદ, તા.3

દાહોદ જીલ્લાના ફાંગિયા થી કંજેટા સુધીનો રતનમહાલ પ્રવાસી પંથ હાલ રોડની નબળી ગુણવત્તાને લઈને ચર્ચામાં આવ્યો છે. આ માર્ગ પર તાજેતરમાં જ ડામર રોડ બનાવવામાં આવ્યો હતો, પરંતુ આશ્ચર્ય ની વાત એ છે કે રોડ બન્યાના માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં જ રસ્તા પર ખાડા પડવા લાગ્યા છે અને હવે ખાડા પૂરવાની કામગીરી શરૂ કરવાની નોબત આવી .

સ્થાનિક સ્તરે સામે આવેલી તસવીરોમાં રોડની સપાટી ઉખડી ગયેલી, ડામર સાથે કપચી છૂટી પડેલી તેમજ રસ્તા પર ખાડા પડી ગયેલા સ્પષ્ટ જોવા મળી રહ્યા છે. કેટલાક સ્થળોએ રોડની મરામતની કામગીરી પણ કરવામાં આવી રહી હોવાનું જોવા મળે છે.

સૌથી મોટો સવાલ એ છે કે, લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા ડામર રોડની આવી હાલત માત્ર ચાર મહિનામાં કેવી રીતે થઈ? શું રોડ બનાવતી વખતે ગુણવત્તાના માપદંડોનું યોગ્ય પાલન કરવામાં આવ્યું હતું? શું ડામરનું પ્રમાણ અને રોડની જાડાઈ નિયમ મુજબ રાખવામાં આવી હતી કે પછી કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવી છે?રતનમહાલ પ્રવાસી પંથ તરીકે ઓળખાતા આ માર્ગ પર પ્રવાસીઓ ઉપરાંત સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોની અવરજવર રહે છે.

ત્યારે ટૂંકા ગાળામાં જ રોડની આવી હાલત સર્જાતાં વાહન ચાલકોની સુરક્ષા સામે પણ પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિક લોકોમાં એવી ચર્ચા ઉઠી રહી છે કે, નવા બનેલા રોડ પર ચાર મહિનામાં જ ખાડા પૂરવાની કામગીરી કરવાની ફરજ પડે તો રોડ બનાવવાની કામગીરીની ગુણવત્તા અંગે તપાસ થવી જરૂરી છે.



તંત્ર સમક્ષ ઉઠતા સવાલો

- રોડ બનાવવામાં વપરાયેલા ડામર અને કપચીની ગુણવત્તાની તપાસ થશે ખરી
- રોડની જાડાઈ અને ડામરનું પ્રમાણ ટેકનિકલ માપદંડ મુજબ હતું કે નહીં? 3. કામ પૂર્ણ થયા બાદ અધિકારીઓ દ્વારા ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી કે નહીં?
- જો કામગીરી નબળી સાબિત થાય તો જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી થશે ખરી? હવે તંત્ર દ્વારા આ સમગ્ર માર્ગની ઉચ્ચસ્તરીય ટેકનિકલ તપાસ કરાવી, જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની ભૂમિકા નક્કી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી રહી છે. સવાલ એ છે કે, વિકાસના નામે બનતા રસ્તાઓ ચાર મહિના પણ ટકી ન શકે તો જાહેર નાણાંના ખર્ચની જવાબદારી કોણ લેશે?

શ્રી સરસ્વતી વિદ્યામંદીરના વિદ્યાર્થીઓની ફિલ્ડ વિઝીટ



(પ્રતિનિધી) કાલોલ, તા.3

શ્રી સરસ્વતી વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓએ કાલોલની આઈટીઆઈ સંસ્થાની ફિલ્ડ વિઝિટ કરી શ્રી સિધ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ કાલોલ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં ચાલતા વોકેશનલ ટ્રેડ Apparel, Made-Ups | Home Furnishing (શિવણ વર્ગ) અંતર્ગત શાળાના VT ટ્રેનર હંસાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓએ ત્રીજી નવેમ્બર મંગળવારે કાલોલની આઈટીઆઈ સંસ્થાની ફિલ્ડ વિઝિટ કરી હતી જેમાં વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ચાલતા વિવિધ વોકેશનલ ટ્રેડ વિષે સંસ્થાનાં ટ્રેનર્સ દ્વારા મહત્વપૂર્ણ અને સચોટ જાણકારી આપવામાં આવી હતી . વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં કોઈ પણ એક સ્કીલ પ્રાપ્ત કરવાથી કેટલો બદલાવ આવી શકે છે તે અંગે માહિતગાર થયા સરકારશ્રી દ્વારા ચાલતાં સ્કીલ ડેવલોપમેન્ટ ના કાર્યક્રમો વિશે જાણકારી મેળવી. આ વિઝિટ થી વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં પગભર થઈ શકે અને પરિવારને મદદરૂપ થઈ શકે તે માટે પ્રેરણા મળી હતી.

પીવાના પાણીથી રોજગારી સુધીના પ્રશ્નો ઉકેલવા આદિવાસી સમાજ મેદાનમાં

લીમખેડાના આદિવાસી વિસ્તારોમાં પાયાની સુવિધાઓનો અભાવ?

લીમખેડામાં આદિવાસી સમાજે વિવિધ પાયાના પ્રશ્નો ઉકેલવા તંત્ર સમક્ષ કરી રજૂઆત



(પ્રતિનિધી) દાહોદ, તા.3

લીમખેડા તાલુકામાં આદિવાસી વિસ્તારોના વર્ષોથી પડતર રહેલા પાયાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા લીમખેડા આદિવાસી સમાજ દ્વારા તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવી છે.આવેદનપત્રમાં જણાવ્યા મુજબ લીમખેડા તાલુકાના અનેક અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ લોકોને શુદ્ધ પીવાનું પાણી મળતું નથી. નદી-નાળાનું પાણી પીવા માટે મજબૂર બનતા ગ્રામજનોને નળથી જળ યોજના અંતર્ગત શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આ ઉપરાંત તાલુકામાંથી રોજગારીના અભાવે મોટા પ્રમાણમાં લોકોનું અન્ય સ્થળોએ સ્થળાંતર થઈ રહ્યું છે. આ સ્થિતિ અટકાવવા 'વિકસિત ભારત જી રામજી યોજના' અંતર્ગત સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન યોજનાનો લાભ મળે તે માટે યોગ્ય સર્વે કરાવી વંચિત ખેડૂતોને યોજનામાં સામેલ કરવાની માંગ પણ ઉઠાવવામાં આવી છે.

પક્ષીને પશુચિકિત્સક હોસ્પિટલ લઇ જવાયું

વીજ કરંટ લાગવાથી કાળા કાંકણસાર પક્ષી ઈજાગ્રસ્ત



(પ્રતિનિધી) હાલોલ, તા.3

હાલોલ ગોધરા બાયપાસ રોડ ઉપર વીજ કરંટ લાગવાથી ઘાયલ કાળા કાંકણસાર પક્ષીનું વન વિભાગ અને સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતુ. હાલોલ-ગોધરા બાયપાસ રોડ પર વીજ કરંટ લાગવાથી કાળો કાંકણસાર (Red-naped Ibis / Black Ibis) પક્ષી ઘાયલ હાલતમાં મળી આવતાં તાત્કાલિક રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં સિદ્ધાંત જીવદયા ટીમ અને વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. RFO ચંદ્રિકાબેન ચૌધરીના માર્ગદર્શન અને નિર્દેશન મુજબ સંયુક્ત રીતે ઘાયલ પક્ષીનું સુરક્ષિત રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પક્ષીને પશુચિકિત્સક હોસ્પિટલ ખાતે લઈ જઈ જરૂરી દવા અને સારવાર આપવામાં આવી હતી.

વીજ કરંટ જેવી દુર્ઘટનામાં ઘાયલ થયેલા અબોલ પક્ષીને સમયસર સારવાર મળે તે માટે વન વિભાગ અને સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા કરવામાં આવેલી કામગીરી પ્રશંસનીય રહી હતી.

રાજ્યસભા સાંસદ, ધારાસભ્ય અને જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ

ભામૈયા ગામે દાદા ભગવાન ત્રિમંદિર ખાતે પશુપાલન શિક્ષણ શિબિર અને પ્રદર્શન યોજાયું



(પ્રતિનિધી) ગોધરા, તા.3

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ભામૈયા ગામે આવેલા પૂજ્ય દાદા ભગવાન ત્રિમંદિર પરિસરમાં જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર સહ પ્રદર્શનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં પશુપાલકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિર પંચમહાલ જિલ્લા પંચાયતના પ્રમુખ નીરજભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ ડૉ. જશવંતસિંહ પરમાર, ધારાસભ્ય સી.કે. રાઉલજી, અને ગોધરા તાલુકા પંચાયતના પ્રમુખ લીલાબેનની ઉપસ્થિતિ રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા પંચાયતના વિવિધ સદસ્યોએ પણ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. પશુપાલકોને આધુનિક ટેકનોલોજી અને પશુપાલનની વૈજ્ઞાનિક પદ્ધતિઓથી માહિતગાર કરવા માટે યોજાયેલી આ શિબિરમાં પંચામૃત ડેરીના ડેપ્યુટી જનરલ મેનેજર ડૉ. બી.એચ. પટેલ, ડૉ. જે.વી. પટેલ તેમજ ઘપસુયો ડૉ. મનુભાઈ વણકર ખાસ હાજર રહ્યા હતા. વેટરનરી પોલિક્લિનિક ગોધરાની ટીમ તરફથી ડૉ. બામણીયા, ડૉ. ઉત્સવ બારીયા, અને ડૉ. આર.એન. પટેલ જેવા નિષ્ણાત પશુચિકિત્સકોએ હાજર રહીને પશુઓની સારસંભાળ અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગોધરામાં પરિણિતાને હેરાનગતિ કરાતા અભયમ મદદે આવી

જેઠ-જેઠાણી દ્વારા અવારનવાર વિવિધ બાબતે હેરાનગતિ કરાતી હતી

(પ્રતિનિધી) ગોધરા, તા.3

ગોધરા ખાતે પતિ રોજગાર અર્થે વિદેશમાં ગયા હોવાથી પોતાના પુત્ર સાથે એકલી રહેતી મહિલાને તેમના જેઠ અને જેઠાણી દ્વારા અવારનવાર અપશબ્દો બોલી માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ફરિયાદ મળતાં 181 અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમ મહિલાની મદદે પહોંચી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, મહિલાના જેઠ અને જેઠાણી તેમના ઘરની બાજુમાં જ રહે છે. મહિલાના જણાવ્યા અનુસાર, તેમના જેઠ દ્વારા મહિલાના પુત્રને બાઈક લઈને દૂધ ભરવા જવા માટે કહેવામાં આવ્યું હતું. આ બાબતે મહિલાએ પુત્રની ઉંમર નાની હોવા તથા તેની પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ ન હોવાથી બાઈક ચલાવવી જોખમી હોવાનું જણાવી ના પાડી હતી. આ બાબતને લઈને જેઠ અને જેઠાણી મહિલાની સાથે ઝઘડો કરવા લાગ્યા હતા અને અપશબ્દો બોલી હેરાનગતિ કરતા હતા. ઉપરાંત, અવારનવાર નાની-નાની બાબતોમાં ઝઘડો કરવો, અપશબ્દો બોલવા તથા આડકતરી રીતે મેણાંટોણાં મારી માનસિક ત્રાસ આપવો જેવા બનાવો બનતા હતા. રોજિંદી હેરાનગતિથી કંટાળી મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ માંગી હતી. મહિલાની ફરિયાદ મળતાં ગોધરા અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મહિલા સાથે સાંત્વનાપૂર્વક વાતચીત કરી સમગ્ર હકીકત જાણી હતી. ત્યારબાદ બંને પક્ષોને સાથે રાખી અસરકારક કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

થયેલા કામોમાં તપાસની માંગ ઉગ્ર બની

સુરેલી ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

(પ્રતિનિધી) કાલોલ, તા.3

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના સુરેલી ગ્રામ પંચાયતમાં જૂના કામોની જગ્યા પર નવા કામો મંજૂર કરવા કે શરૂ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે, જ્યાં સુધી અગાઉના કામોની યોગ્ય તપાસ ન થાય અને થયેલ ભ્રષ્ટાચારનો પર્દાફાશ ન થાય.અધિક ચીટનીશ ટૂ કલેક્ટરશ્રી પંચમહાલ-ગોધરાના પત્ર તેમજ અરજદારની અરજીઓને ધ્યાને લઈને જિલ્લા પંચાયત (પંચાયત શાખા), ગોધરા દ્વારા કાલોલના તાલુકા વિકાસ અધિકારી (TDO) ને અગાઉ તા. ૨૫/૦૬/૨૦૨૬ ના રોજ પત્ર પાઠવી ૭ દિવસમાં પ્રાથમિક તપાસ અહેવાલ માંગવામાં આવ્યો હતો. નિયત સમયમર્યાદામાં અહેવાલ ન મળતા, તા. ૨૪/૧૦/૨૦૨૬ ના રોજ ફરીથી 'સ્મૃતિપત્ર-૧' પાઠવવામાં આવ્યું છે. જેમાં તાલુકા વિકાસ અધિકારીને તાકીદ કરવામાં આવી છે કે આ બાબતે અંગત રસ લઈને તાત્કાલિક તપાસ કરવી અને જો અહેવાલ રજૂ કરવામાં વિલંબ થશે તો ટીડીઓની અંગત જવાબદારી નક્કી કરવામાં આવશે.આ મામલે તંત્ર દ્વારા આગામી દિવસોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ન્યાય માટે ગામના અગ્રણીનો એકસુર જોવા મળ્યો

કાલોલ મામલતદારે આપેલી જમીનનો કબજો મેળવવા બાબતે આવેદનપત્ર

(પ્રતિનિધી) કાલોલ, તા.3

કાતોલ ગામની સીમના સર્વે નં. ૩૩ અને સર્વે નં. ૩૫ ની જમીન બાબતે અરજદાર વિજયભાઈ છગનભાઈ વણકર દ્વારા કાલોલના મામલતદારને એક આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે.કાતોલ ગામની સીમના સર્વે નં. ૩૩ (ક્ષેત્રફળ ૦-૩૩-૭૬, આકાર ૨.૮૪) તથા સર્વે નં. ૩૫ (ક્ષેત્રફળ ૦-૧૩-૦૦, આકાર ૧.૦૯) વાળી જમીન. તારીખ ૦૭/૦૮/૨૦૨૦ ના રોજ તલાટી કમ મંત્રીના હસ્તક લેવામાં આવ્યા બાદ કાયમી નિકાલ માટે મામલતદાર કોર્ટમાં કેસ ચાલી ગયો હતો. કોર્ટ દ્વારા તા ૧૭/૧૦/૨૦૨૦ ના રોજ અરજદારની તરફેણમાં હુકમ કરવામાં આવતાં ૭/૧૨ અને ૮-અ માં અરજદારનું નામ દાખલ થઈ ચૂક્યું છે. સદર જમીન હાલ તલાટી કમ મંત્રી અથવા મામલતદારના કબજામાં હોવાથી, વર્તમાન સ્થિતિમાં તે જમીનનો પ્રત્યક્ષ કબજો-ભોગવટો અરજદારને સોંપવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે.અગાઉ પણ લેખિત અને મૌખિક જાણ કરવામાં આવ્યા બાદ આ બાબતે આજ રોજ લેખિત આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં સ્થાનિક ખેડૂતો અને અગ્રણીઓની અને અનુસૂચિત જાતિના અગ્રણીઓ ની સહીઓ પણ સામેલ છે. મામલતદાર વિકાસ પટેલ દ્વારા આ મામલે જરૂરી તપાસ કરાવી યોગ્ય ઉકેલ લાવવા ખાત્રી અપાઈ છે જેથી પ્રતિક ઉપવાસ નો અંત આવ્યો છે.

નિયમ મુજબ કામગીરી વિના લાખો રૂપિયા ચાઉં કરાયાની ગંભીર ફરિયાદો ઉઠી

શહેરાના છાયણા ગામમાં સોકપીટ અને ફિલ્ટર ચેમ્બરના કામોમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપો

સ્થળ પર એસ્ટીમેટ મુજબ કામગીરી કર્યા વગર જ લાખો રૂપિયાના બિલો પાસ કરી દેવાયા હોવાની સ્થાનિકોની રાવ



(પ્રતિનિધી) ગોધરા, તા.3

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના છાયણા ગામમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ અંતર્ગત મંજૂર થયેલા સામૂહિક સોકપીટ અને ફિલ્ટર ચેમ્બરના કામોમાં ગંભીર નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપો ઉઠ્યા છે. ગામના વોર્ડ સભ્યના પતિ દ્વારા જ આ ગંભીર આક્ષેપો કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગયો છે. આક્ષેપ મુજબ, ગામમાં કુલ ૨૫૦ સોકપીટ અને ૨૫૦ ફિલ્ટર ચેમ્બર મંજૂર થયા હોવા છતાં મોટાભાગના સ્થળે કામગીરી અધૂરી અથવા સંપૂર્ણ રીતે કાગળ પર જ પૂર્ણ દર્શાવાયાનો આરોપ છે. કેટલાક સ્થળોએ ખાડા ખોદીને કામ પડતું મૂકી દેવામાં આવ્યું હોવાનું પણ જોવા મળ્યું છે. ગ્રામજનોનો આરોપ છે કે, ચેમ્બર અને સોકપીટ વગર જ ચૂકવણાં કરી દેવાતાં ગામમાં ગંદકી અને રોગચાળાનો માહોલ ગરમાયો છે. પ્રાપ્ત વિગત મુજબ, વર્ષ ૨૦૨૫-૨૬ ના એક્શન પ્લાન અંતર્ગત છાયણા ગામમાં ગંદા પાણીના યોગ્ય નિકાલ માટે સામૂહિક સોકપીટ અને ફિલ્ટર ચેમ્બર મંજૂર કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા પ્રત્યેક ફિલ્ટર ચેમ્બર દીઠ અંદાજિત રૂ. ૩૩,૮૦૦ અને સામુહિક સોકપીટ દીઠ રૂ. ૨૨,૧૫૦ ની માતબર રકમ ફાળવવામાં આવી હતી.

આ યોજના હેઠળ ગામમાં અનેક હેન્ડપંપ પાસે આ કામો કરવાના હતા, પરંતુ ગ્રામજનો અને વોર્ડ સભ્યના પતિ શનાભાઈ ધીરાભાઈનો સીધો આક્ષેપ છે કે, ગામમાં હેન્ડપંપની સંખ્યા કરતા પણ વધારે સોકપીટ કાગળ પર દર્શાવી દેવામાં આવ્યા છે. વધુમાં, જ્યાં ખરેખર કામ થયું છે ત્યાં પણ મંજૂર એસ્ટીમેટ મુજબ કામગીરી કરવામાં આવી નથી. નિયમ મુજબ નક્કી કરેલી ઊંડાઈનો ખાડો કરવાને બદલે માત્ર બે ફૂટ જેટલો ખાડો ખોદી, ઉપર ઢાંકણું બંધ કરી દેવામાં આવ્યું છે.

છતાં રેકોર્ડ ઉપર તમામ કામો પૂર્ણ દર્શાવીને કોન્ટ્રાક્ટર કે એજન્સીને પેમેન્ટ પણ ચૂકવી દેવામાં આવ્યું હોવાનો ગંભીર ઘટસ્ફોટ થયો છે. આ સમગ્ર વિવાદ બાબતે ગુજરાત મિત્રના પ્રતિનિધિ ભુપત ડાભી દ્વારા છાયણા ગામના સરપંચ પરેશ બારીઆનો પક્ષ જાણવા ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારે સરપંચે બચાવ કરતા જણાવ્યું હતું કે, "અમારા ગામમાં કોઈ ભ્રષ્ટાચાર થતો નથી અને બધું નિયમ મુજબ જ કામ થાય છે.

તમે ગામમાં જઈને લોકોને પૂછી શકો છો." જોકે, સ્થળ પર એસ્ટીમેટ મુજબ નક્કર કામગીરી ન હોવા છતાં આ લાખો રૂપિયાના બિલો કઈ રીતે પાસ થઈ ગયા? તે એક મોટો તપાસનો વિષય બન્યો છે. આ ગંભીર નાણાકીય ગેરરીતિ અંગે ઉચ્ચ કક્ષાએથી તટસ્થ સ્થળ તપાસ કરી, ગેરરીતિ સાબિત થાય તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

૬૦ ટકા કામગીરી પૂર્ણ, પરંતુ માલ-મટિરિયલના ટેન્ડર મંજૂર ન થતાં લાભાર્થીઓ મુશ્કેલીમાં

લીમખેડા તાલુકામાં મનરેગા હેઠળ મંજૂર ૭૭૬ કૂવાના કામો અટવાયા!



(પ્રતિનિધી) દાહોદ, તા.3

લીમખેડા તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત ખેડૂતો અને ગ્રામજનોને રોજગારી સાથે સિંચાઈની સુવિધા મળી રહે તે હેતુથી કુલ ૭૭૬ કૂવા મંજૂર કરવામાં આવ્યા છે. આ પૈકી અંદાજે ૬૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જોકે, કૂવાના બાંધકામ માટે જરૂરી માલ-મટિરિયલના ટેન્ડર મંજૂર ન થતાં બાકીની કામગીરી અટવાઈ પડી હોવાનું સામે આવ્યું છે.

સરકારની મહત્વાકાંક્ષી મનરેગા યોજના હેઠળ કૂવા મંજૂર થતાં ખેડૂતોમાં આશા જાગી હતી કે કૂવા પૂર્ણ થયા બાદ ખેતીમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે અને આર્થિક સ્થિતિમાં સુધારો થશે. પરંતુ માલ-મટિરિયલના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થતાં અનેક લાભાર્થીઓ હાલ મુશ્કેલીમાં મુકાયા છે.

એક તરફ કૂવાના કામો અધૂરાં પડ્યાં છે તો બીજી તરફ લાભાર્થીઓને કામ ક્યારે પૂર્ણ થશે તેની કોઈ સ્પષ્ટતા મળી રહી નથી. ટેન્ડરની મંજૂરીમાં વિલંબના કારણે સરકારી યોજનાનો લાભ સમયસર ન મળતાં ગ્રામજનોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. હવે સવાલ એ ઊભો થાય છે કે ૭૭૬ કૂવા મંજૂર થયા બાદ પણ માલ-મટિરિયલના ટેન્ડરની પ્રક્રિયા સમયસર કેમ પૂર્ણ થઈ શકી નથી? ૬૦ ટકા કામગીરી પૂર્ણ થયા બાદ બાકીના કામો ક્યારે શરૂ થશે? લાભાર્થી ખેડૂતોના હિતમાં તંત્ર દ્વારા તાત્કાલિક માલ-મટિરિયલના ટેન્ડર મંજૂર કરી અધૂરાં કૂવાના કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.